દાખલ તારીખ :- ૦૩/૧૦/૨૦૧૯

રજી. લીધા તારીખ:- ૦૩/૧૦/૨૦૧૯

નિકાલ તારીખ :- ૩૧/૦૧/૨૦૨૨

| **સમયગાળો :-** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
|---|---|---|---|
| | ૦૨ | ૦૩ | ૨૮ |

**મે.ભચાઉ ના ૭ માં એડીશનલ ડિસ્ટ્રીકટજજ સાહેબની કોર્ટમાં, મુ.ભચાઉ.**

**પરચુરણ દિવાની અપીલ નંબર (નવા)- ૨૪/૨૦૨૦**

**પરચુરણ દિવાની અપીલ નંબર(જુના)-૧૩/૨૦૧૯**

**આંક-૧૨/એ**

**એપેલેન્ટ :** (૧) ચનુભા વરઘાજી સોઢા
ઉ.વ.૭૫, ધંધો-ખેતી
રહે.ડાંભુડા, તા.રાપર-કચ્છ.

(૨) હરદેવસિંહ તખતસિંહ જાડેજા
ઉ.વ.૫૩, ધંધો-ખેતી
રહે.ડાંભુડા, તા.રાપર-કચ્છ.

(૩) ખીમાભાઈ ગોપાલભાઈ હરીજન
ઉ.વ.૫૫, ધંધો-ખેતી
રહે.રાપર, તા.રાપર-કચ્છ.

(૪) ભગા ઉર્ફે ગણેશાભાઈ ગોપાલભાઈ હરીજન
ઉ.વ.૩૨, ધંધો-ખેતી
રહે.રાપર, તા.રાપર-કચ્છ.

(૫) હમીરજી વરઘાજી સોઢા
ઉ.વ.૪૭, ધંધો-ખેતી
રહે.ડાંભુડા, તા.રાપર-કચ્છ.

**વિરૂધ્ધ**

**રીસ્પોન્ડન્ટ:** મંજુલાબેન વીડો/ઓ રણછોડ કરશનભાઈ ચૌધરી
ઉ.વ.૬૫, ધંધો–ખેતી
મુળ.રહે.ક્રિષ્ના કોમ્પલેક્ષ, એ–વીંગ–૨૦૩,
પટેલવાડી પાછળ, રાપર,તા.રાપર–કચ્છ.
હાલે.રહે.રૂમ નં.૨૭, કે.જે.પટેલ બિલ્ડીંગ,
એલ.બી.એસ.માર્ગ, ઘાટકોપર (વેસ્ટ)
મુંબઈ–૪૦૦૦૮૬

**એપેલેન્ટ તરફેના વિ.વ.શ્રી વાય.એચ.ઠકકર**
**રીસ્પોડેન્ટ તરફેના વિ.વ.શ્રી આર.આર.ચંદે**

**બાબત:–** શ્રી પ્રિન્સીપાલ સીવીલ જજ, રાપરની કોર્ટના રે.દિ.મુ.નં.૧૪/૨૦૧૯ ના કામે તા.૨૭/૦૮/૨૦૧૯ ના રોજ વાદીની દરમ્યાન મનાઈ હુકમ મેળવવાની અરજી મંજુર કરવાના હુકમ સામે અપીલ.

**–:: ચુકાદો ::–**

(૧) વિવાદીએ રે.દિ.મુ.નં.૧૪/૨૦૧૯ ના કામે વાદીની દરમ્યાન હુકમ અરજને મંજુર કરતા તા.૨૭/૦૮/૨૦૧૯ ના રોજના પ્રિન્સીપાલ સીવીલ જજ રાપર – કચ્છનાઓના હુકમથી નારાજ થઈ હાલની અપીલ તા.૦૩/૧૦/૨૦૧૯ ના રોજ અંજાર અધિક ડિસ્ટ્રીકટ કોર્ટમાં ગુજારેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, ટ્રાયલકોર્ટનો હુકમ કાયદાકીય જોગવાઈઓથી વિરુધ્ધનો છે. વાદીનો પ્રથમદર્શનીય કેસ ન હોવા છતાં ટ્રાયલ કોર્ટે ખોટી રીતે વાદીનો પ્રથમદર્શનીય કેસ માનેલો છે અને વાદીની તરફેણમાં ખોટી રીતે મનાઈ હુકમ ફરમાવેલો છે. પ્રતિવાદી બોનાફાઈડ પરચેઝર તરીકે છે અને મિલકત ખરીદ કરેલ છે તે બાબત ટ્રાયલ કોર્ટે

વાજબી રીતે ધ્યાને લીધેલી નથી. આ મિલકત બાબતે અગાઉ રેગ્યુલર દાવાઓ થયેલા હતા તે બાબત પણ ટ્રાયલ કોર્ટે ધ્યાને લીધેલ નથી તે રીતની અલગ અલગ વિગત આગળ ધરી ટ્રાયલ કોર્ટે કાયદા અને હકીકતની જોગવાઈઓનું મુલ્યાંકન કરવામાં ગંભીર ભુલ કરેલી છે તે રીતની વિગત આગળ ધરી ટ્રાયલ કોર્ટનો રે.દિ.મુ.નં. ૧૪/૨૦૧૯ ના કામે વાદીની દરમ્યાન મનાઈ હુકમ અરજને મંજુર કરતો હુકમ રદ કરી વિવાદીની હાલની અપીલ મંજુર કરવા દાદની માંગણી કરતી અરજી ગુજારેલી છે જેની વિગત ધ્યાને લીધી.

(૨) આ કામે પ્રતિવિવાદીને નોટીસની બજવણી થયેલી છે અને તે પોતાના વકિલ મારફતે હાજર થયેલા છે અને આંક–૧૨ થી વિવાદીના અપીલ મેમાના લેખીત જવાબ વાંધા રજુ કરેલા છે જેની વિગત ધ્યાને લીધી.

(૩) આ કામે વિવાદી તરફે વિ.વકિલશ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, વાદીએ જે ૨–દસ્તાવેજો રદ કરાવવા માટે દાવો દાખલ કરેલો છે. આ સંજોગોમાં દસ્તાવેજો થયેલા છે તે હકીકત વાદી કબુલ રાખે છે. આ મિલકતનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ પ્રતિવાદીઓ પૈકીના કોઈએ કરી આપેલો નથી પરંતુ ખોટી રીતે આ દસ્તાવેજ કરાવી લેવામાં આવેલો છે. અગાઉ વાદીની પ્રતિવાદી વિરુધ્ધ રાપર કોર્ટમાં આ તમામ દાવાવાળી જે મિલકતો બાબતે દાવાઓ ચાલુ હતા. દાવાવાળી તકરારી મિલકતનો કબજો વાદી પાસે નથી. વાદીએ દાવા અરજીમાં પોતાનું સરનામું મુંબઈનું દર્શાવેલું છે. આમ, સ્વાભાવિક રીતે વાદીનો કબજો હોય તેવું નથી. વિટાંતરનો વ્યવહાર જે તે સમયે થયેલો હતો અને તેમાં આ મિલકતનો તકરારી દસ્તાવેજ ખોટી રીતે વાદી અને તેના પતિ ધ્વારા કરાવી લેવામાં આવેલો છે. પ્રતિવાદીઓ પૈકીના આ મિલકતના કાયદેસરના બોનાફાઈડ પરચેઝર છે અને મિલકતનો કબજો તેઓ પાસે છે. ટ્રાયલ કોર્ટે આ તમામ બાબતો અને છેલ્લો દસ્તાવેજ ધ્યાને લીધેલો નથી તે

સંજોગો માં વાદીનો પ્રાઈમાફેસી કેસ નથી, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નથી અને વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ નથી. જેથી ટ્રાયલકોર્ટનો દરમ્યાન હુકમ અરજને મંજુર કરતો હુકમ રદ કરી વિવાદીની હાલની અપીલ મંજુર કરી વાદીની દાવાના કામે આંક-૫ ની અરજ નામંજુર(રદ) કરવા દલીલ કરેલી છે.

(૪) આ કામે પ્રતિવિવાદી તરફે વિ.વકિલશ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, દાવાવાળી તકરારી મિલકતનો પાકકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ પ્રતિવાદીઓ પૈકી નાએ મિલકતના કાયદેસર માલીક વાદીના પતિની તરફેણમાં કરી આપેલો હતો પરંતુ જે તે સમયે સ્ટેમ્પ ડયુટી ખોટી હોવાના કારણે તે દસ્તાવેજ સ્ટેમ્પ ડયુટીના મુલ્યાંકન માટે નિયમ મુજબની કાયદેસરની પ્રક્રિયામાં હતો અને ત્યારબાદ પાછળથી હુકમ થતાં ખોટી સ્ટેમ્પ ડયુટી ભરી દેવામાં આવેલી છે. પ્રતિવાદીઓ પૈકીનાઓને આ મિલકતનો પાકકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ થયેલો હતો તેની જાણ હોવા છતાં તેઓએ ફરીથી આ મિલકતનો વેચાણ દસ્તાવેજ કરી આપેલો છે અને તે સંજોગોમાં તમામ પ્રતિવાદીઓએ ભેગા મળી એકબીજાના મેળાપીપણામાં વાદીની દાવાવાળી મિલકતમાં માલીકી હકક અને કબજો પડાવવાના બદઈરાદાથી તે ખોટો દસ્તાવેજ ઉભો કરેલો છે. ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં આ તમામ બાબતો ધ્યાને લીધેલી છે અને વાદીની દરમ્યાન મનાઈ હુમ અરજ મંજુર કરેલ છે તે હુકમ કાયદેસર, યોગ્ય, ન્યાયી અને વ્યાજબી છે અને તેથી ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમ કરી વિવાદીની હાલની અપીલ નામંજુર(રદ) કરવા દલીલ કરેલી છે.

(૫) આ કામે હાલની પરચુણ દિવાની અપીલના નિર્ણય માટે રે.દિ.મુ.નં.૧૪/ ૨૦૧૯ ના દાવાનું અસલ રેકર્ડ વંચાણે લીધું.

(૬) ઉપરોકત હકીકતે હાલની અપીલના નિર્ણય માટેના નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

(૧) શું વિવાદી પુરવાર કરે છે, રે.દિ.મુ.નં.૧૪/૨૦૧૯ ના કામે મુળ વાદીની દરમ્યાન મનાઈ હુકમ અરજને મંજુર કરતો પ્રિન્સીપાલ સીવીલ જજ રાપર– કચ્છ નાઓનો તા.૨૭/૦૮/૨૦૧૯ ના રોજનો હુકમ કાયદા વિરુધ્ધનો, ગેરકાયદેસરનો, અસ્પષ્ટ, ભુલ–ભરેલો, અનિયમિત, હસ્તક્ષેપને પાત્ર તેમજ રદ થવાને પાત્ર છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદદા નં.૧ નકારમાં.

૨. મુદદા નં.૨ આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

–// કા ર ણો //–

**મુદા નંબર.૧ :–**

(૮) હાલના વિવાદીઓ રે.દિ.મુ.નં.૧૪/૨૦૧૯ ના દાવાના પ્રતિવાદીઓ છે. જયારે હાલના પ્રતિવિવાદી રે.દિ.મુ.નં.૧૪/૨૦૧૯ ના દાવાના વાદી છે. આ સંજોગો માં ચર્ચામાં સરળતા રહે અને પક્ષકારોની ઓળખ જળવાઈ રહે તેવા હેતુથી રે.દિ.મુ. ન.૧૪/૨૦૧૯ ના દાવાના કામે પક્ષકારોની જે ઓળખ છે તે ઓળખને ઘ્યાને લઈ હવે પછી સંબોધન કરવામાં આવશે તેથી પક્ષકારોની ઓળખના મુદદા ઉપર તે મુજબ અર્થઘટન કરવાનું રહેશે તેવું મારું શુઘ્ધબુઘ્ઘિ પુવર્કનું માનવું છે.

(૯) વાદીની દાવા અરજીની વિગત ઘ્યાને લેવામાં આવે તો, દાવાવાળી તકરારી મિલકતનો રજી. વેચાણ દસ્તાવેજ વાદીના પતિના નામનો થયેલો હતો અને ત્યારબાદ પાછળથી મિલકતના વેચનારે અન્ય પ્રતિવાદીઓને દાવાવાળી

મિલકત ફરીથી વેચાણ આપેલી છે તે સંજોગોમાં પાછળથી દાવાવાળી તકરારી મિલકતનો જે દસ્તાવેજ વેચનારે કરી આપેલો છે તે રદ કરાવવા માટે અને કાયમી મનાઈ હુકમ માટેની દાદની માંગણી કરતો દાવો કરેલો છે. આ બાબતે પ્રતિવાદી ઓએ દાવાના કામે આંક–૧૬ થી પ્રતિવાદી નં.૧, ૨, ૩ અને ૫ નાઓએ આંક–૫ નો લેખીત જવાબ રજુ કરેલો છે તેમજ આંક–૨૧ થી આંક–૫ નો પ્રતિવાદી–૪ નાઓએ લેખીત જવાબ રજુ કરેલો છે ત્યારબાદ આંક–૨૬ થી પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ પુરશીશ આપી પ્રતિવાદીઓએ આંક–૫ ની દરમ્યાન હુકમ અરજીનો જે જવાબ આપેલો છે તે પોતાના દાવાનો જવાબ છે તે રીતે પુરશીશથી જાહેર કરેલ છે.

આમ, આ જવાબમાં જે વિગતો જાહેર કરવામાં આવેલી છે તે પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓએ જાહેર કરેલી છે અને તે તેઓને બંધનકર્તા છે અને તેનાથી વિરુધ્ધની કોઈ વિગત પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓ કહેવા જતા હોય તો પ્રતિવાદી નં.૧ થી ૫ નાઓને ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૧૫ મુજબ રુલ ઓફ એસ્ટોપલનો બાધ નડે છે તેવું તેવું મારું શુધ્ધબુધ્ધિ પુવર્કનું માનવું છે.

(૧૦) આ કામે પ્રતિવાદીઓ દવારા બોનાફાઈડ પરચેઝર તરીકેની હકીકત આગળ ધરવામાં આવેલી છે. આ બાબતે રે.દિ.મુ.નં.૧૪/૨૦૧૯ ના દાવાનું અસલ રેકર્ડ ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો, આંક–૧૬ તેમજ આંક–૨૧ થી જે જવાબ રજુ કરવામાં આવેલો છે તે જવાબના તમામ પેરા અને તમામ લખાણની વિગત ગંભીરતાથી ધ્યાને લેવામાં આવે તો, **વેચનારે કે ખરીદનારે જે મિલકત માટે તકરારી વેચાણ દસ્તાવેજનો વ્યવહાર કરેલો છે તે મિલકત બાબતે અગાઉ કેટલા, કયારે, કેવી રીતના વ્યવહારો થયેલા છે અને સબ રજીસ્ટ્રાર કચેરીમાં કઈ કઈ રીતે નોંધાયેલ છે તે બાબતે કોઈ તપાસ કરેલી હોય તેવું બતાવતો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો રજુ કરેલો નથી**. વધુમાં **પ્રતિવાદીઓએ આ દાવાવાળી મિલકત વેચતા કે ખરીદતા પહેલા દાવાવાળી મિલકત બાબતે કોઈનો હકક દાવો હોય તે માટે કોઈ વાંધા મંગાવવા**

**માટે દૈનીક પેપરમાં જાહેરાત આપેલી હોય અને કોઈ ટાઈટલ કલીયરનું સ ર્ટીફીકેટ મેળવેલું હોય તે બાબત નું પણ કોઈ પ્લીડીંગ કરેલું નથી તેમજ તે રીતની કોઈ હકિકત બતાવતો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો પોતાના લ ેખીત જવાબની સાથે રજુ કરેલો નથી**.

આવા સંજોગોમાં આ મહત્વની બાબતો ઘ્યાને લેવામાં આવે તો વ્યવહારના સામાન્ય ક્રમમાં જયારે કોઈ વ્યકિત કોઈ મિલકત ખરીદ કરતી હોય ત્યારે મિલકત ચોખ્ખા ટાઈટલ વાળી છે કે કેમ ? તેની પ્રથમ કાળજી રાખતી હોય છે અને તેથી '' ખરીદનાર સાવધાન '' નો સિઘ્ધાંત લાગુ પડે છે. આ કિસ્સામાં મિલકતના ખરીદનાર એવા પ્રતિવાદીઓએ દાવાવાળી તકરારી મિલકત બાબતે ટાઈટલ કલીયર છે કે કેમ ? અને પોતે જે વ્યકિત પાસેથી મિલકત ખરીદ કરી રહેલા છે તે વ્યકિતનો કાયદેસરનો માલીકી હકક દાવાવાળી મિલકત વેચાણ કરવા ના તકરારી દસ્તાવેજ સમયે છે કે કેમ ? તે બાબતે કોઈ જ ખાત્રી કરેલી નથી અને તે સંજોગોમાં પ્રથમદર્શનીય રીતે બોનાફાઈડ પરચેઝરનો મુદદો ટકી શકે તેવો નથી તેવું મારૂં શુઘ્ધબુઘ્ધિ પુવર્કનું માનવું છે.

(૧૧) વધુમાં આ કિસ્સામાં મિલકતના પ્રથમ માલીકોએ દાવાવાળી તકરારી મિલકતનો પાકકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ વાદીના પતિના નામનો સબ રજીસ્ટ્રાર કચેરીમાં કરી આપેલો છે. આ મિલકતના વેચનારાઓએ આ દસ્તાવેજ ખોટી રીતે કરી આપેલો છે તેથી વાદીના પતિના નામનો દસ્તાવેજ ખોટો બનાવટી અને રદ થવાને પાત્ર છે તે રીતે દસ્તાવજને પડકારી દસ્તાવેજ રદ કરાવવા માટે કોઈ દાવો કરેલો હોય તેવું જણાઈ આવતું નથી તેમજ તે રીતનુ દસ્તાવેજ રદ કરવવા માટેનુ તેઓનુ પ્લીડીંગ નથી કે સામી તેવી કોઈ દાદ માંગેલી નથી.

આમ, આ મિલકતના વેચનારે પ્રથમ વેચાણ દસ્તાવેજ કરી આપેલો છે તે વેચાણ દસ્તાવેજને કોઈ પણ સક્ષમ હકુમત ધરાવતી અદાલતમાં પડકારીને તે વેચાણ દસ્તાવેજને રદ કરાવેલો નથી. આ સંજોગોમાં જયારે મિલકતના

માલીકે એક વેચાણ દસ્તાવેજ કરીને મિલકત વેચાણ આપી દીધેલી હોય ત્યારે મિલકત પરત્વેના તમામ હકક અને અધિકારો ખરીદનારની તરફેણમાં જતા રહે છે. આ સંજોગોમાં મિલકતનો પ્રથમ વેચાણ દસ્તાવેજ વાદીના પતિના નામનો થયો ત્યારે મિલકત પરત્વેના તમામ અધિકારો અને હકકો વાદીના પતિની તરફેણમાં સ્થાપિત થયેલા છે અને વાદીના પતિનું અવસાન થતાં મિલકતના માલીકી અંગેના કબજા સંદર્ભેના તમામ હકકો વારસાઈથી વાદીની તરફેણમાં આપોઆપ સ્થાપિત થયેલા છે તેવું મારૂં શુઘ્ધબુધ્ધિ પુવર્કનું માનવું છે.

આવા સંજોગોમાં **મિલકતના વેચનારે એક વખત વેચાણ દસ્તાવેજ કરી દીધો ત્યારબાદ વેચાણ દસ્તાવેજ વાળી મિલકતમાં વેચનારનું કોઈ હિત રહેતું નથી અને તેથી વ્યકિત પોતાની પાસે જે હકક અને અધિકારો હોય તેનાથી વિશેષ કાંઈ આપી શકે નહી તે બાબતનો સિઘ્ધાંત આ કિસ્સામાં સવિશેષ લાગુ પડે છે અને તેથી મિલકતનો બીજી વખત વેચાણ દસ્તાવેજ કરતી વખતે વેચનારનો મિલકતમાં કોઈ માલીકી હકક રહેતો નથી તેથી તકરારી વેચાણ દસ્તાવેજના આધારે ખરીદનારનો તકરારી મિલકતમાં કોઈ માલીકી હકક કે કબજો કાયદેસર રીતે પ્રાપ્ત થતો નથી અને તે સંજોગોમાં પ્રતિવાદીઓનો દાવાવાળી તકરારી મિલકતમાં કોઈ હકક રહેતો નથી પરંતુ પ્રતિવાદીઓના કૃત્યના કારણે વાદીના કાયદેસરના માલીકી હકકને સીધી અસર પહોંચે છે તેથી વાદીનો સીધો સ્પષ્ટ પ્રાઈમાફેસી કેસ છે તેવું મારું શુઘ્ધબુધ્ધિ પુવર્કનું માનવું છે**. વધુમાં કેસના સંજોગો અને પ્રતિવાદીઓના પ્લીડીંગ અને દાવાના કામે બંને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલા દસ્તાવેજોની વિગતો ઘ્યાને લેતા જો વાદીની તરફેણમાં મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને વધુ અગવડ પડે તેમ છે અને મલ્ટીપ્લીસીટી ઓફ લેટીગેશન થાય તેમ છે. જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે અને વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેવું પણ સ્પષ્ટ જણાઈ છે.

વધુમાં દાવાનું રેકર્ડ ઘ્યાને લેતા વાદીએ દરમ્યાન મનાઈ હુકમ ભંગની અરજી

કરેલી છે અને તે બાબતનો દાવામાં મુદદો પણ કાઢવામાં આવેલો છે. આમ, કોર્ટે જે મનાઈ હુકમ ફરમાવેલો છે તે મનાઈ હુકમનો ભંગ થવાના આક્ષેપો વાદી ધ્વારા પ્રતિવાદીઓ પર કરવામાં આવેલા છે અને તે બાબત પણ ન્યાયીક નિર્ણય માટે પેન્ડીંગ છે. આ સંજોગોમાં આ તમામ બાબતોને ધ્યાને લેતા ટ્રાયલ કોર્ટે પોતાના હુકમમાં જે કારણો અને તથ્યો ધ્યાને લીધેલા છે તેની સાથે અત્રેની એપેલેટ કોર્ટ સહમત થાય છે અને તેથી ટ્રાયલ કોર્ટના દરમ્યાન મનાઈ હુકમ અરજને મંજુર કરતા હુકમમાં હસ્તક્ષેપ કરવા માટેનું કાયદેસરનું વ્યાજબી, પુરતું, મુનાસીફ ન્યાયીક કારણ મને જણાતું નથી અને તેથી મુદદા નં.૧ નો જવાબ નકારમાં આપું છું.

**મુદદા નં.૨:–**

(૧૨) ટ્રાયલ કોર્ટે રે.દિ.મુ.નં.૧૪/૨૦૧૯ ના દાવાના કામે વાદીની દરમ્યાન મનાઈ હુકમ અરજને મંજુર કરી વાદીની તરફેણમાં જે મનાઈ હુકમ ફરમાવેલો છે તે યોગ્ય અને વ્યાજબી છે અને તેને કાયમ કરવો જોઈએ તેવું મારું શુઘ્ધબુધ્ધિ પુવર્કનું માનવું છે. વધુમાં દાવાનું રેકર્ડ જોતા ટ્રાયલ કોર્ટે આંક–૨૭ થી મુદદા કાઢેલા છે અને તે રીતે દાવો વાદીના પુરાવા ઉપર આવી ગયેલો છે તેની સાથે સાથે આંક–૨૯ થી દરમ્યાન મનાઈ હુકમ અરજના ભંગ માટે પગલા લેવા સારૂ અરજી ગુજારવામાં આવેલી છે તે સંદર્ભે ટ્રાયલ કોર્ટે આંક–૨૭ ના મુદદાઓમાં મુદદા નં. ૩(એ) થી વધારાનો મુદદો પણ ઉમેરવામાં આવેલો છે અને તેથી જો દાવો ઝડપથી ચલાવવા માટે આદેશ કરવામાં આવે તો દાવાનો ઝડપથી ગુણદોષ ઉપર નિર્ણય થાય તેમ છે અને તે બંને પક્ષકારોના હિતમાં વ્યાજબી અને ન્યાયી છે.

આમ, તમામ બાબતો ધ્યાને લેતા વિવાદીની હાલની પરચુરણ દિવાની અપીલ મંજુર કરી શકાય નહી તેવા નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**–:: <u>હુકમ</u> ::–**

આથી, વિવાદીની હાલની પરચુરણ દિવાની અપીલ ''**નામંજુર (૨૬)**''

કરવામાં આવે છે.

આથી, રે.દિ.મુ.નં.૧૪/૨૦૧૯ ના દાવાના કામે આંક–પ ની વચગાળાના દરમ્યાન મનાઈ હુકમની માંગણી કરતી વાદીની અરજીને મંજુર કરતા તા.૨૭/૦૮/૨૦૧૯ ના રોજના પ્રિન્સીપાલ સીવીલ જજ રાપર–કચ્છનાઓના હુકમને આથી કાયમ કરવામાં આવે છે.

વધુમા, એવો પણ હુકમ કરવામા આવે છે કે, ટ્રાયલ કોર્ટે દાવાનુ અસલ રેકર્ડ મળ્યાથી છ–માસમા દાવાનો ગુણદોષ ઉપર નિર્ણય કરવો.

આ હુકમની એક નકલ રે.દિ.મુ.નં.૧૪/૨૦૧૯ ના દાવાના અસલ રેકર્ડ સાથે બાંધવા માટે મોકલી આપવી.

રે.દિ.મુ.નં.૧૪/૨૦૧૯ ના દાવાનું અસલ રેકર્ડ તાત્કાલીક અસરથી ટ્રાયલકોર્ટને પરત મોકલવું.

બંને પક્ષકારોએ અથવા તેઓના વકીલશ્રીએ તા.૧૪/૦૨/૨૦૨૨ ના રોજ ટ્રાયલ કોર્ટમાં દાવાના કામે જાતે હાજર થઈ જવું.

બંને પક્ષકારોએ અપીલનો પોતપોતાનો ખર્ચ જાતે ભોગવવો.

આ હુકમ આજરોજ તા.૩૧ મી, માહે–જાન્યુઆરી, સને ૨૦૨૨ ના દિવસે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

તા.૩૧/૦૧/૨૦૨૨

સ્થળ : ભચાઉ–કચ્છ

(એમ.એફ.ખત્રી)

૭ માં એડીશનલ ડિસ્ટ્રીકટ જજ

ભચાઉ–જી.કચ્છ

જીજે૦૦૬૯૧